## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

હજી શબ્દકોશમાં માણસાઈનો અર્થ શોધ્યા કરૂં છું હું,
સરેઆમ માણસ હોવાના છતાં કેવા દાવા કર્યા કરૂં છું હું !
આ જગતમાં લોકને ટેવ છે,પડેલાને ઉભા થવા ન દે-
જો સફરમાં ઠોકર વાગે તો મને ખુદને ઝાલ્યા કરૂં છું હું !
- સાહિલ

### પાથેય

- રમેશ ઠક્કર

# માણસાઈના દિવા...

નરસિંહ મહેતા જેવા કવિ સદીઓ પહેલાં માણસજાત વિશે નિદાન કરી ગયા છે એ આજે પણ એટલું જ પ્રસ્તુત છે..એમણે કહેલું ’ગ્રંથ ગરબડ કરી વાત ના કરી ખરી..’..આ બાબત માણસાઈ માટેના આપણા મનોભાવો અંગે તો સો ટકા સાચી પુરવાર થતી રહે છે..‘જગતમાં બધા કરતાં માણસાઈ જ સર્વોપરી છે.’ ‘અમે તો ફકત માણસાઈમાં જ માનીએ છીએ..’આવી બધી વાતો લોકો ગાઈ વગાડીને કરતા રહે છે..ચોમેર આવા દાવાઓ પુરાવા સાથે થતા હોય છે..બધા ધર્મોનો સાર માણસનું ભલું કરવો એવો થાય છે..સૌ કોઈ પોતે સીધા સાદા માણસ હોવાની વાત કરી બીજી કોઈ લપછપ પોતાને પસંદ નથી એવું પ્રમાણપત્ર જાતે જ વળગાડીને ફરતા જોવા મળે છે... એની સામે દુનિયાનું જે ચિત્ર છે એ કંઈક અલગ જ છે... અહીં એક માણસ બીજાની સામે ઘૂરકિયાં નાખતો રહે છે..એકબીજા માટેની ઈર્ષ્યા કે અદેખાઈ અને એના કારણે ઉભું થતું વૈમનસ્ય માણસાઈની આપણી મોટી મોટી વાતોનો જાણે છેદ ઉડાવતાં હોય એવું લાગે છે..માણસ પુસ્તકો કે ધર્મગ્રંથોમાં માણસાઈનાં ઉદાહરણો શોધી પોતાના મિથ્યા વ્યવહારને યોગ્ય ઠેરવવાની મથામણ કરતો રહે છે..વાસ્તવ એ છે કે કિતાબોનાં કોઈ પાનાં ઉપર માણસાઈ શોધી પણ મળતી નથી!

વાણીવિલાસ એ જાણે આપણો સહજ વ્યવહાર છે..આપણે જ જાણે ઉત્તમ..આપણી વાતો અને વ્યવહાર એટલે જાણે કે માપદંડ..આવા ગુમાનમાં રહેવું ઘણાને ગમતું રહે છે..આપણે ત્યાં કહેવત છે કે ખાલી ચણો વાગે ઘણો..એટલે કે જે વ્યક્તિ ભીતરથી ખાલીપો અનુભવે છે અથવા તો અંદરથી કશું પામ્યો નથી એ બહારના જગતમાં એ બધું શોધવા ફાંફાં મારતો રહે છે..કવિઓ અને ફિલસુફો આપણી આ નબળાઈ ઉપર અવારનવાર શબ્દોનો છંટકાવ કરતા રહે છે..દિવસમાં ચાર વખત ભોજન કરતો માણસ ઉપવાસ ઉપર જાહેર વક્તવ્ય આપે કે પોતે જગતના તમામ વૈભવમાં આળોટતો હોય એવો માણસ જીવનની નિરર્થકતા ઉપર કથાઓ કરતો રહે એવા દંભ સહજપણે ચાલતા રહે છે..માણસ જયાં સુધી ભીતરથી ના બદલાય ત્યાં સુધી આવા બાહય ઉપચારો કે દેખાડાનો કોઈ અર્થ રહેતો નથી..જગતમાં દરરોજ આપણી નજર સામે માપદંડ ઉઘાડી લૂંટ થતી હોય એવા બનાવો બનતા રહે છે..મુઠ્ઠીભર અનાજ માટે ટેવોના લોકોની સામે જ ગોદામોમાં ભરચક દાણાઓ સંઘરી રોફ જમાવતા લોકોનો તોટો નથી.હા વિડંબના કોઈક જ જોઈ શકે છે..હકિકતમાં માણસની તલાશ ફકત માણસ થવાની જ હોવી જોઈએ..અને આટલી સાદી વાત સમજવા કયાંય જવાની જરૂર પડતી નથી..આપણો સરળ વ્યવહાર અને માણસમાત્ર તરફનો સ્નેહ આપણને આપોઆપ સારા માણસ બનાવે છે..

આપણે લોકો સીધુંસટ અને સપાટ જોતા રહીએ છીએ..કવિઓ કોઈપણ ઘટનાના મર્મને પકડે છે..એટલે જ એમને આષર્દ્રષ્ટા કહેવામાં આવે છે..એવું નથી કે જગતમાં કોઈ સારા માણસો નથી..દુનિયામાં ભલે અલ્પ સંખ્યામાં એકલખૂણે પણ માણસાઈના અનેક દિવડા

અનુસંધાન પાના નં. ૭ પર

# ગુજરાત હવે રાજકીય હોટસ્પોટ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાત સૌથી મહત્વનું અને રાજકીય કારકિર્દી માટે અનિવાર્ય કેન્દ્ર સ્થાન છે. એ ભલે વારાણસી જઈ ચૂંટણી લડતા હોય અને હિંદી બેલ્ટના જ સાંસદ તરીકે પોતાની જાતને ખપાવતા હોય પણ દેશ અને દુનિયા આખી એમને ગરવા ગુજરાતી તરીકે જ ઓળખે છે. જે રીતે એ ગુજરાતમાં વારંવાર ડોકિયું કરીને એમના અતિવ્યસ્ત ટાઈમ ટેબલમાંથી સમય ફાળવે છે તે જ સૂચવે છે કે તેઓ ગુજરાતને જેટલો પ્રેમ કરે છે એટલા જ અંદરખાને ગુજરાતથી ડરે છે. જો ગુજરાત એમના હાથમાંથી જરી જાય તો આખું હિંદુસ્તાન સરી જતાં વાર નહીં લાગે અને દુનિયાભરમાં વૈશ્વિક નેતા તરીકે જમાવેલી ઈમેજ કડડભૂસ થઈ જશે એવી એક છૂપી ધાસ્તી એમના અંતરમનમાં ધરબાઈને પડેલી છે જે વારંવાર સળવળે છે. આટકોટની ૨૦૦ બેટની નાનકડી હોસ્પિટલનું ઉદ્ઘાનટ કરવા પાછળ સરકારના કરોડો રુપિયાનું આધણ કરીને તેઓ રૂબરૂ પહોંચ્યા એના સૂચિતાર્થો સામાન્ય મતદાતા પણ સમજી શકે છે. પાટીદાર મતો ગઈ વિધાસનભાની ચૂંટણી વખતે સખળડખળ થયા હતા અને ગુજરાતમાં મૃતપ્રાય બની ગયેલા કોંગ્રેસ છેક સત્તાની નજીક પહોંચી ગઈ હતી તે હકીકત તેઓ ભૂલ્યા નથી. ત્યારે પણ અમિત શાહે તો સવાસોથી વધુ બેઠકો જીતવાનાં બણગાં ફૂંક્યા હતા. અત્યારે પાટિલ દોઢસો બેઠકોનું ગણિત માંડે છે અને બૂથ સમિતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને બૂથ સમિતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. વોટિંગ માત્ર ગણિતને નથી અનુસરતું. એ અનુસરે છે તત્કાલીન ‘લોક મૂડને.’ પાટીદારોના સન્માનીય નેતા નરેશ પટેલે ગુજરાતમાં પાટીદાર મુખ્યમંત્રી હોવો જોઈએ અને પાટીદારો જ અગત્યની શાસકીય જગ્યાએ પર છેક કારકુનથી લઈ કલેકટર સુધીની ભરતીમાં પસંદ થવા જોઈએ એવા જ્ઞાતિવાદી વિધાનો કર્યા પછી કદાચ એ સમાજ ભાજપની સાથે ન રહે તો ? આવો એક પ્રચ્છન્ન ભય ગુજરાતના ભાજપના ધુરંધરોથી લઈ દેશનું સુકાન સંભાળી રહેલા બે ગુજરાતી મહારથીઓના હૈયે ધ્રાસકો બનીને ધરબાયેલા છે. યોગાનુયોગ ગણો કે ગણતરીપૂર્વક - પણ મોદીના મેળામાં ખોડલધામ નરેશ હાજર નથી રહ્યા તે આ ભયને વધુ ધાર કાઢી આપે છે. આથી મોદી-શાહ-પાટિલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામે ગુજરાત વિધાનસભાની ચૂંટણી એક મોટો પડકાર બની રહી છે. મોદીએ એમના ૩૩ મિનિટના સંબોધનમાં એમની ૨૧ યોજનાઓ આવરી લઈ યુવા વર્ગને પોતાની તરફ આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. જો કે ખરા સમયે તો ઊંટ મારવાડ તરફ જ મોઢું કરે છે એમ પાટીદાર યુવકો ખોડલ કે ઉમિયાના નામે ચૂંટણી ટાણે ભાજપ વિરુદ્ધ નહીં જ જાય એની કોઈ ગેરંટી નથી. ગુજરાતને જ્ઞાતિવાદથી મુક્ત કરવા માટે હિંદુત્વનો મુદ્દો ઉછાળી પાટીદાર-ક્ષત્રિય-દલિત-આદિવાસી સહિતના તમામ એકજૂટ બનાવવામાં ભારતીય જનતા પાર્ટી છેલ્લા વર્ષો દરમિયાન સફળ રહી છે. એ મુદ્દો રાષ્ટ્રીય સ્તરે પણ ક્લિક થયો છે. કાશ્મીરની કલમ નાબૂદ કરીને મોદીએ એમની છપ્પનની છાતીનો પરચો કરાવ્યો છે. જ્ઞાનવાપી મસ્જિદનો મુદ્દો ખુદ કાશી વિશ્વનાથ પરિસરનો છે. એ જ પ્રમાણે મથુરા સહિત અન્ય સ્થળોએ આવેલ ઈસ્લામિક અતિક્રમણ વાળી મસ્જિદ-દરગાહો સંદર્ભે પ્રશ્નો ઉઠાવાઈ રહ્યા છે. મોંઘવારી, બેરોજગારી અને બીજા મુદ્દાઓ બાજુએ ધકેલાઈ જશે અને એવા ભ્રમમાં મોદી રહેવા માંગતા નથી. તેઓ એમની વહીવટી સફળતાનોનો તો બુલંદ સ્વરે પ્રચાર કરતા રહે છે પણ તે જ સયમે એમનો અંતરાત્મા એમને એમની અનેક નિષ્ફળતાઓનો પણ અહેસાસ કરાવતો રહેતો હશે. એથી એમને હવે યેનકેન પ્રકારેણ ગુજરાત હાથમાંથી સરકતું અટકાવવું છે. જે રીતે કપિલ સિબ્બલથી લઈ પ્રશાંત કિશોર સુધીના બૌદ્ધિકો મમતા બેનરજી અને ચંદ્રશેખર જેવા તથા કેજરીવાલ સહિતના અન્ય વિપક્ષી નેતાઓને એક મંચ પર લાવી શરદ પવારના કે બીજા કોઈ નેતાના નેજા હેઠળ મોદી સામે ભિડાવવા માગે છે. એ જોતાં ૨૦૨૪નો લોકસભાનો જંગ સામાન્ય નથી રહેવાનો. ગુજરાત મોદી અને વિપક્ષો - ઉભય માટે પ્રતિષ્ઠાનું રાજય બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

# બિન ખેડૂતને વેચેલ ખેતીની જમીન સરકાર પ્રિમીયમ લઈ રેગ્યુલાઈઝ કરાશે

## ગણોત ધારા કાયદાની કલમ ૪૩ તથા ૭૦ના નિયત્રણો પુન : સ્થાપિત કરાશે




ગુજરાતમાં ગણોત ધારા કલમ-૪૩ મુજબની પ્રતિબંધીત સરકારશ્રી થયેલ જમીન બિન ખેડૂતોને મૂળ માલિકે વેચાણ કરેલ હોય અને તે લગત શરતભંગ કે ગણોત ધારાની કલમ-૮૪ (સી) મુજબના કેસો પેન્ડીંગ હોય તેવા બિન ખેડૂતને ગુજરાત સરકાર દ્વારા પ્રિમીયમ વસુલ કરી જમીન રેગ્યુલાઈઝ કરી આપી ખેડૂત ખાતેદાર તરીકે ગણવામાં આવશે.

ગણોત ધારાની જમીનો સરકારશ્રીની મંજુરી સિવાય કે પ્રિમીયમ ભર્યા સીવાય લે-વેચ કાયદેસર થતી નથી. કેટલાક કિસ્સાઓમાં બિન ખેડૂતોએ ખેતીની આવી જમીનો ખરીદેલ આવા વ્યવહારો અમલમાં મુકાતા મામલતદાર, પ્રાંત અધિકારી અને મહેસુલ પંચ દ્વારા ગણોત ધારાની કલમ-૪૩ મુજબના નિયંત્રણો ઉઠાવી લેવાના હુકમો કેટલાક કિસ્સામાં કરવામાં આવેલા અને જમીન સરકારશ્રી દાખલ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ જમીન મૂળ માલિકના નામે પુનઃ કરી ગણોત ધારા કલમ-૮૪ (સી) રદ બાતલ ઠરાવી જમીન મૂળ માલિકોને પરત સોંપવાના હુકમો પણ કેટલાક કિસ્સામાં કરવામાં આવ્યા હતા. જયારે કેટલાક કિસ્સામાં મૂળ માલિકોને જમીન નવી શરતમાં પુનઃ ફાળવેલ છે.

ગણોત ધારા હેઠળની કોઈપણ જમીનના પહેલેથી લઈને ત્યારબાદના ખરીદ વેચાણના વ્યવહારો સાચા ખેડૂત દ્વારા જ કરવામાં આવ્યા હોય અને છેલ્લા માલિક જે હોય તે પણ ખરેખર બીજા જીલ્લાના ખેડૂત ખાતેદાર હોય તેમ છતાં વચ્ચે કોઈ એક બીન ખેડૂતના નામે લે- વેચ થયેલી હોવાથી સરકાર આવી જમીનને ટાઈટલ કિલયર માનતી નહોતી.

આવા પ્રકારની જમીનને વાંધા વાળી જમીન ગણવામાં આવે છે, જેમાં ખરેખર હાલમાં જે ખરીદનાર હોય તે કે તેમના પહેલાના દરેક ખરીદ વેચાણ કરનાર ખેડૂતોનો તેમાં કોઈ જ વાંક કે દોષ હોતો નથી. આમ છતાં આવા વેચાણ વ્યવહારથી જમીન ખરીદનારને વાંધા વાળી જમીન તરીકેની નુકશાની સહન કરવામાં આવે છે, હકિકતે જે વચ્ચે બિન ખેડૂતે જમીન ખરીદેલ હોય તેની એન્ટ્રી પડેલ ના હોય તેમજ પડેલ હોય તો મામલતદારે રદબાતલ ઠરાવેલ હોય તેમજ આવી નોંધ પ્રમાણિત થયેલ ના હોય તેમજ રેવન્યુ રેકર્ડમાં બિન ખેડૂતના નામે ખાતે આવી જમીન થયેલ ના હોય તેમજ આવા ખરીદનાર હાલમાં કયા છે તેની પણ મૂળ માલિકને ત્યારબાદના વેચાણ લેનારને ખબર શુધ્ધા હોતી નથી, જેમના કારણે વચ્ચેની પાર્ટી જે જમીન આ રીતે ખરીદી હોય તે દંડાતા હતા.

આ કારણે સરકારે નક્કિ કરેલ છે કે કોઈ એક ખોટા વ્યવહારના કારણે હાલના જમીન માલિકને સહન ના કરવું પડે તે માટે આગામી વિધાનસભામાં સુધારા વિધેયક પસાર કરી જમીન મૂળ માલિકને મામલતદાર કૃષી પંચ અથવા સક્ષમ અધિકારી દ્વારા કાયમી ગણોતીયા ઠરાવેલ હોય તેવી જમીનના ઉત્તરોત્તર વેચાણ થયા હોય તેવા કિસ્સામાં જો કબજેદાર દ્વારા રજુઆત કે અપીલ કરવામાં આવશે તો કલેકટર આવા કેસો ચલાવીને પ્રસ્તુત ગણોત ધારાની કલમ-૪૩ હેઠળના નિયંત્રણો પુનઃ સ્થાપિત કરાશે તેમજ જે તે હેતુ માટેનું પ્રવર્તમાન જે પ્રિમીયમ હશે તે એક રૂપિયાનો દંડ વસુલી આવી જમીનને નિયમિત કરી આપવાનો નિર્ણય કરવામાં આવશે.

સરકારના આવા નિર્ણયથી વાંધા વાળી ગણાતી જમીનોના ટાઈટલ કિલયર થઈ જશે તેમજ સાચા ખેડૂત ખાતેદારો વેચાણ લીધેલ જમીન પોતાના નામે, ખાતે કરાવી શકાશે તેમજ આવી જમીનોના પ્રિમયમની જંગી રેવન્યુ સરકારી તિજોરીમાં જમા થશે અને સરકારની આવકમાં વધારો થશે.

જે લોકો વારસાઈ હકકથી ખેડૂત થયા છે, ખોટા ખેડૂતો છે અને કાયમી ગણોતીયા તરીકે ૧/૪/૫૬ તરીકે ખોટી રીતે મહેસુલ રેકર્ડમાં એન્ટ્રી કરેલ છે, તેવા ઈનામદારી, તાલુકેદારી કે રૈયતવાળી જમીનોના ગણોતીયા પાસેથી જેમણે જમીનો ખરીદેલ છે, તેવા ખેડૂતોને ગણોત ધારા કલમ-૭૦ માં ફેરફારથી સદર વિધાયક પસાર થયાથી ચોકકસ ફાયદો થશે.

જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા ગણો

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- ભારતનું સૌ પ્રથમ હિન્દી ભાષાનું અખબાર ઉદન્ત માર્તણ્ડ કલકત્તાથી પ્રકાશિત થયું.
- અમદાવાદ ‘સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની’એ અમદાવાદ ખાતે સૌપ્રથમ કાપડની મીલ ચાલુ કરી.
- પરેશ રાવલ નો જન્મ દિવસ, અભિનેતા અને નાટ્યકલાકાર.
- ગુરુ અર્જુન દેવ ની પુણ્યતિથી, પાંચમા શીખ ધર્મગુરુ.

આજનું
### ઔષધ

- કેરડાનો નિયમીત ઉપયોગ કરવાથી ઘણા વખતની જુની કબજીયાત દુર થાય છે.

### ખડખડાટ

- ‘સાદી દાળ બનાવી ને બપોરે ૨ વાગ્યે તડકા માં ધાબા પર બેસીને ખાવા થી ‘દાળ તડકા’નો સ્વાદ આવશે....!!! બસ આવી જ નવી-નવી વાનગીઓ ની રેસિપી જાણવા જોડાયેલા રહો?

આજનો
### વોટ્સએપ

- વિશ્વાસ મુકતા પહેલા પારખો સાહેબ કેમ કે, દુનિયામાં નકલી લીંબુ પાણી સ્પ્રાઈટ દ્વારા પીવડાવાય છે અને અસલી લીંબુ પાણી ફિંગરબાઉલમાં હાથ ધોવા અપાય છે.

# ...સંબંધોની ય જયાં હદ પૂરી થૈં, ધીરજની ત્યાં જ તો કસોટી છે




‘જીવન કે મરણ હો એ બંને સ્થિતિમાં,
‘મરીઝ’ એક લાચારી કાયમ રહી છે.
જનાજો જશે તો જશે કાંધે કાંધે,
જીવન પણ ગયું છે સહારે સહારે...!!!’’

દરેક વ્યક્તિ જીવનમાં મોટાભાગે એકસાથે બબ્બે મોરચે લડતી હોય છે : એક જીવનમાં આવનારી અવનવી તકલીફો સામેની લડાઈ અને બીજું તેનું પોતાના અંતરઆત્મા સાથેનું યુદ્ધ ! બહારની સમસ્યા દુનિયાને દેખાય પણ ખરી એટલે મદદ કે સહાનુભૂતિ મળી શકે પણ મનમાં ચાલતા ઉદ્વેગની જાણ માત્ર વ્યક્તિને પોતાને જ હોય. શું હોય છે આ યુદ્ધ ? કયારેક સારા-નરસા વિષેનું તો કયારેક ગમા-અણગમા વિષેનું. “To be or not be' એ આનું સચોટ ઉદાહરણ ગણી શકાય. જીવનમાં ઘણીવાર આપણે આપણી જ જાત સાથે સંઘર્ષમાં ઉતરી જતા હોઈએ છીએ. કયારેક મનને મારવું કયારેક પટાવવું કે ફોસલાવવું અને કયારેક જાત પર કાબૂ ગુમાવીને કંઈક સાવ અજુગતુ જ કરી બેસવું અને એવા સમયે જયારે પાછળથી અક્કલ ઠેકાણે આવે ત્યારે જાત પર આવતો પારવાર ગુસ્સો અને તેમાંથી જ ઉપજતી લાચારી ! મન જયારે જાત સાથેની લડાઈમાં હારી જતું હશે ત્યારે જ આત્મહત્યા કે ખૂન જેવા ભયંકર વિચારો આવી જતા હશે. કોઈ પણ વ્યક્તિ જન્મથી જ ગુનેગાર, વિકૃત કે નકારાત્મક હોતી નથી પણ પરિસ્થિતિ અને સંજોગો તેનામાં આ પ્રકારના ફેરફારો લાવે છે. પણ એ બાબત પણ ધ્યાનમાં લેવી પડે કે દરેકની વિચારવાની શક્તિ તેમજ સહન કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. માટે દરેકે દરેક વ્યક્તિ તકલીફમાંથી પસાર થયા બાદ નકારાત્મક વિચાર ધરાવતી બની જતી નથી... જો કે આ પ્રકારની મનઃસ્થિતિમાં વ્યક્તિને જરૂર પડે છે કોઈ સહારાની, કોઈ પ્રકારની હૂંફની. આ મદદ કરનાર કે હાથ ઝાલનાર કોઈ પણ હોઈ શકે, કયારેક એ નિર્જીવ વસ્તુ પણ હોઈ શકે !

જીવનની આ લડાઈમાં બાહ્ય તકલીફોથી વિશેષ મહત્ત્વની એવી જાત સાથેની લડાઈમાં વ્યક્તિ કોઈ ‘સપોર્ટ’ શોધે છે. કયારેક એ કોઈ ધર્મગુરુ હોય, કયારેક એ ખુદ ધર્મ, કયારેક એ માતા-પિતા હોય તો કયારેક શિક્ષક, કયારેક જીવનસાથી તો કયારેક કોઈ સાવ અજાણ્યો મિત્ર, કયારેક કોઈ મનગમતી પ્રવૃત્તિ, કયારેક કોઈ વૃક્ષ, પક્ષી કે પુસ્તક. કોઈ એક વસ્તુ, વ્યક્તિ કે બાબત સાથે વ્યક્તિ પોતાને સાંકળી લે છે અને જો આ ‘સપોર્ટ યોગ્ય હોય તો પોતાના અંતરાઆત્માનો તમામ ભાર તેને સોપીને વ્યક્તિ પોતાની જાતને હળવાફૂલ અનુભવે છે. કોઈ ગૃહિણી દિવસનો મોટાભાગનો સમય પૂજાઅર્ચનામાં પસાર કરે ત્યારે આપણે તેને અતિ-ધાર્મિક માનવાની ભૂલ કરી બેસીએ છીએ પરંતુ એ તેના અંતરમનનો “hidden support'' છે. તે જ પ્રકારે ૭૦ વર્ષના દાદા રીટાયર્ડ થયા પછી પણ સવારે ૧૦ વાગે નિયમિત રીતે તૈયાર થઈ ઘરેથી નીકળીને પાર્કના બાંકડે જઈને બેસે ત્યારે એ બાંકડો તેમનો life support' બની જતો હોય છે. આપણે સૌએ આસપાસ નજર દોડાવીને આવા જીવતા – જાગતા, સજીવ કે નિર્જીવ “support system” ને શોધી કાઢવાના છે. પછી જીવનનું અડધું યુદ્ધ ત્યાં જ પૂરું થઈ જશે. અને બાહ્ય લડાઈ માટે તો ઘણા-બધા લોકોનો કે વસ્તુઓનો સપોર્ટ મળી જ જવાનો છે !

આ પ્રકારના સહારાને જયારે આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત થાય ત્યારે તે આપણને સીધેસીધા ઈશ્વર સાથે જોડવાની તાકાત ધરાવે છે. આમ તો આ બધા જ સપોર્ટ ઈશ્વર નિર્મિત અને ઈશ્વરની ઈચ્છા અનુસાર જ પ્રાપ્ત થતા હોય છે પણ ખુદ ઈશ્વર જયારે હાથ ઝાલી લે ત્યારે આપણી આ જીવનનૈયા ભવસાગર પાર કરવાને સક્ષમ બની રહે છે. અલબત્ત, એક ભયસ્થાન એ છે કે ઘણા લોકો અયોગ્ય અને અધઃપતનના માર્ગે લઈ જનારા ખોટા સહારાને રવાડે ચડી જાય છે અને તેના ભયંકર તેમ જ વિનાશકારી પરિણામો પણ ભોગવે છે. અને આ પ્રકારની બાબતોમાંથી બહાર નીકળવું કયારેક વ્યક્તિ માટે સાવ જ અશકય બાબત બની જાય છે. કવિ ‘ઊર્મિલ’ ભરત કવિ લખે છે તેમ,

“દીવાલ વિશ્વાસની તો તૂટી છે, ને આશા પણ ઠગારી છૂટી છે.
સંબંધોની ય જયાં હદ પૂરી થૈ, ધીરજની ત્યાં જ તો કસોટી છે.’’

બાહ્ય દ્દષ્ટિએ સફળ, સુંદર, સુશિક્ષિત અને સરળ લાગતા લોકો કયારેક પોતાના અંતરઆત્માને સમજવામાં કે તેની લડાઈમાં પાર ઉતરવામાં હારી બેસે છે. તેમની સફળતાનો નશો તેમને કોઈની મદદ લેવા જેવી બાબત સ્વીકારવા દેતો નથી. પરિણામે, બધું જ બરાબર હોવા છતાં અને બહારથી બધું જ ઝાકમઝોળ લાગવા છતાં તેમની અંદરનો અંધકાર તેમના જીવનને નિરાશાની ઊંડી ખાઈમાં ધકેલી દે છે. બાહ્ય લડાઈ સામે જીત મેળવવી જેટલી જરૂરી છે તેનાથી પણ વિશેષ આ અંતરાત્માની જીત છે. કારણ કે તે જીત તમારા વ્યક્તિત્વને અને તમારા અસ્તિત્વને એક નવી જ ઊંચાઈ બક્ષે છે. ઈશ્વરના સંકેતને સમજીને અને મનના આ સાથીને ઓળખીને આજથી જ પ્રણ લઈએ કે અંતરાત્મા સાથેની લડાઈમાં કોઈ એક ‘આધાર’ લઈને જીત મેળવીશું અને ત્યારબાદ જીવનની અન્ય લડાઈઓ કે સફળતા હાંસલ કરવાની દોડ આરંભીશું. અને આ પ્રક્રિયાથી જીવન જીવતાં આવડી ગયું તો નિશ્ચિતપણે ઈશ્વરને પણ કહી શકીશું :

નાખો, નાખો, ભલે નાથ !
દુઃખ નવાં નાખો તોયે પોતાનો ગણી નાથ !
પડખામાં રાખો ભલે દુઃખ નાખો.’’

- મુકુંદરાય પરાશર્ય

- nehalgadhavi101@gmail.com

# અનાથ બાળાઓને સગી દીકરીની જેમ ઉછેરતાં પરમ વિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજી : હજી પણ સંવેદના-કરુણાથી છલકાતાં હૃદય છે ખરાં




ગુજરાતના પાટનગર ગાંધીનગરથી દસેક કિલોમીટર દૂર બાલવા રોડ પર એક સુંદર સ્થળ આવેલું છે. અહીં માનવતા ધબકી રહી છે. અહીં સંવેદનાનું ઝરણું વહી રહ્યું છે. અહીં કરુણાનો સાગર છલકાઈ રહ્યો છે.

પરમ વિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજીએ અહીં મા-બાપ વિનાની અનાથ દીકરીઓ માટે વાત્સલ્યધામનું નિર્માણ કર્યું છે. અત્યારે આ આશ્રમમાં ૪૦થી ૪૫ જેટલી દીકરીઓ રહે છે. અહીં બાળાઓ માટે અદ્યતન અને ગુણવત્તાયુક્ત સગવડ છે. એક રુમમાં છ દીકરીઓ રહે છે. સુંદર રસોડું અને સ્વચ્છ અને વિશાળ ભોજનાલય છે. મોટો કોલ્ડ સ્ટોરેજ એરિયા છે. દરેક દીકરીઓને અહીં સવાર-બપોર-સાંજ પોષ્ટિક ભોજન અપાય છે. પૂ.દીદી કોઈ પણ બાબતમાં સહેજ પણ ઢીલું ચલાવી લેતાં નથી. તેઓ કહે છે કે, આ તમામ દીકરીઓ મારી દીકરીઓ છે. મારા કાળજાનો કટકો છે

આ દીકરીઓ બાલવામાં આવેલી અદ્યતન સ્કૂલમાં ભણે છે. દીકરીઓને ભણાવવાનો ખર્ચ પણ ઘણો થાય છે. સ્વાભાવિક છે કે ફીનું ધોરણ ઊંચું હોય છે. પૂ.ગીતાદીદી કહે છે કે, અમારી સંસ્થા ખર્ચની ચિંતા કરતી નથી. અમે દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવામાં માનીએ છીએ. આ તમામ દીકરીઓને યોગ, જુડો, કરાટે, સંગીત શીખવવામાં આવે છે. સ્પર્ધાત્મક સમયમાં દીકરીઓ પાછી ન પડે એ માટે તેમને અંગ્રેજી ભાષાનું પણ શિક્ષણ આપવામાં આવે છે.

તમે આશ્રમમાં પ્રવેશ કરો એટલે સ્વચ્છતા અને સુઘડતા ઊડીને આંખે વળગે અને હૃદય સુધી પણ પહોંચી જાય. સફાઈનું કાર્ય દીકરીઓ જ કરે છે. દરેક દીકરીઓને પહેરવેશ દીકરાઓ જેવો. ચહેરા પર આત્મવિશ્વાસ. હોઠ પર સ્મિત. વિનમ્ર અને વિવેકી દીકરીઓ. આ લખનારે આશ્રમની મુલાકાત લીધી ત્યારે આઠ-દસ વર્ષની એક દીકરી ડોલમાં પાણી ભરીને છોડને પાઈ રહી હતી. એનાથી એક નાની દીકરી એને સહયોગ કરતી હતી. એ રળિયામણું દૃશ્ય હતું. આવાં તો અનેક રળિયામણાં દૃશ્ય તમને આશ્રમમાં જોવા મળે.

આ દીકરીઓ સમાજના જુદા જુદા વર્ગોની છે. જોકે મોટાભાગની દીકરીઓ આદિવાસી વિસ્તારમાંથી આવે છે. મોટા ભાગની દીકરીઓ એવી છે કે જેમનાં મા કે બાપ કોઈ નથી. બસ, બધી જ રીતે એ અનાથ છે. અને અમુક દીકરીઓનાં મા કે બાપ બેમાંથી એકેય નથી, અને બેમાંથી એક છે તે એવું હોય છે તે દીકરીને સારી સ્કૂલમાં ભણાવવાનું તો દૂર પણ



તેને સારું જમવાનું પણ ઉપલબ્ધ કરાવી શકે એમ નથી હોતાં.

થોડી દીકરીઓ ગુજરાત બહારની પણ છે. કોરોનામાં જેમણે મા-બાપ ગુમાવ્યાં હોય તેવી પણ થોડી દીકરીઓ છે. આ દીકરીઓનું અહીં સર્વાંગી ઘડતર થાય છે. અહીં પૂ.દીદીનો હાથ તેમના માથા પર ફરે છે અને આખી જિંદગીનું છત્ર તેમને મળી જાય છે. તેઓ યોગ્ય વાતાવરણમાં ભણે તથા તેમને સંસ્કાર મળે તેવું પરમ વિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજી ધ્યાન રાખે છે. આ સંસ્થા સરકારની ગ્રાન્ટ વિના ચાલે છે. અમદાવાદના પૂર્વ વિસ્તારના લેઉવા પાટીદારોનો આ સંસ્થાને ઘણો લાભ મળ્યો છે. શ્રી રવજીભાઈ વસાણી સહિત અનેક અગ્રણીઓએ આ સંસ્થાની સ્થાપના અને સંચાલનમાં ઘણી મદદ કરી છે. આ સંસ્થામાં ચાર વર્ષથી શરૂ કરીને ૧૬ વર્ષ સુધીની દીકરીઓ રહે છે.

આશ્રમની સ્થાપના માટે પરમવિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજીએ પોતે જમીન ખરીદી છે. દીદીજી સમગ્ર વિશ્વમાં કથાઓ કરે છે. તેઓ રામાયણ, ભાગવત, દેવી ભાગવત, શિવપુરાણ, મહાભારત, નારી તું નારાયણી જેવા કાર્યક્રમો કરે છે. અત્યાર સુધી તેમણે અમેરિકા, કેનેડા, લંડન, નેપાળ એમ વગેરે દેશોમાં લગભગ ૪૨૨ જેટલી કથાઓ કરી છે. તેઓ ૧૧ વર્ષનાં હતાં ત્યારથી જ કથાઓ કરે છે.

મૂળ તેઓ અમરેલીનાં. તેમની માતાનું નામ જયાબા. જયાબા તેમની સાથે જ આશ્રમમાં રહે છે. પરમ વિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજી નાનાં હતાં ત્યારથી જ ધર્મ તરફ વળી ગયાં હતાં. એક વખત અમરેલીની સિવિલ હોસ્પિટલમાં એવો પ્રસંગ બન્યો કે તેમણે અનાથ દીકરીઓ માટે આશ્રમ સ્થાપવાનું નક્કી કર્યું. તેઓ નિયમિત રીતે પ્રસૂતાઓને કાટલું-વસાણું એટલે કે પૌષ્ટિક ખોરાક આપતાં હતાં. એક વખત એક પ્રસૂતાને તેઓ કાટલું આપવા ગયાં. એ બહેન ખૂબ જ રડતી હતી. તેમને પૂછ્યું તો રડતાં રડતાં એ માતાએ કહ્યું કે, મારે ચોથી દીકરી આવી છે. ત્રણ દીકરીઓ તો હતી જ. હવે હું ઘરે જઈશ તો મારા પતિ મને ખૂબ મારશે અને સાસરિયાં પણ ખૂબ હેરાન કરશે.

એ માતાનાં આંસુએ ગીતાદીદીજીનું હૃદય વલોવી નાખ્યું. એ જ રીતે તેમણે નક્કી કર્યું કે હું દીકરીઓ માટે આશ્રમ બનાવીશ .એકલા હાથે આવો આશ્રમ કરવાનું કામ સહેજેય સહેલું નહોતું. તેમ છતાં પણ શૂન્યમાંથી સર્જન કરી આ વાત્સલ્ય વાટિકાનું નિર્માણ કર્યું. તેઓ કહે છે કે, “હું તો નિમિત્ત માત્ર છું, ભગવતીની કૃપાથી જ આ બધુ થઈ રહ્યું છે. મા ભગવતી અહીં હાજરાહજૂર બેઠી હોય તેવું હું હંમેશા અનુભવું છું,’’

એક ખાસ વાત કરવાની તો રહી ગઈ. આ આશ્રમના પ્રવેશદ્વારે જ તમને ૩૪ ફૂટની ઊંચાઈવાળી જગદંબા માતા અંબાની જાજરમાન, ભવ્ય સુંદર પ્રતિમા દેખાશે. વિશાળ કદની આ પ્રતિમા કલાકારોએ ખૂબ સુંદર બનાવી છે.પૂ.દીદીજીએ બે કરોડ રૂપિયાનો ખર્ચ કરીને અનન્ય અને નૂતન કહી શકાય તેવા અંબા માતાના મંદિરનું નિર્માણ કર્યું છે. આ ગુફામય મંદિરમાં તમે પ્રવેશ કરો એટલે નવ દુર્ગા તથા અષ્ટલક્ષ્મીનાં જુદાં જુદાં સ્વરૂપોની પ્રતિમાઓનાં દર્શન થાય. બે માળ સુધી આ મંદિર બનાવવામાં આવ્યું છે. જાણે કે ગબ્બર અંબા માતાનાં દર્શન કરતા હોવ તેવી અનુભૂતિ થાય છે.

આ આશ્રમનું નામ તેમણે પોતાના ગુરૂના નામ સાથે જોડ્યું છે.

પરમ વિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજીની આંખોમાં કરુણાનો મહાસાગર છલકાય છે. તેઓ અનાથ દીકરીઓની માતા બની પ્રેમ આપી રહ્યાં છે. દીકરીઓને સર્વાંગી રીતે તૈયાર કરી રહ્યાં છે.

અમે એક દીકરીને પૂછ્યું, અહીં રહેવાનું ગમે છે ? તેણે કહ્યું કે, ખૂબ જ ગમે છે. અમે પૂછ્યું કે, મોટી થઈને શું બનીશ ? એણે જુસ્સા સાથે, ઉત્સાહ સાથે જવાબ આપ્યો કે મારે દીદી બનવું છે.

ભારતીય સંસ્કૃતિને અનુરૂપ એવા સુંદર માહોલમાં, જેનું કોઈ નથી તેને બધું જ આપતાં પરમ વિદુષી સાધ્વી શ્રી ગીતાદીદીજીને જોઈને થાય કે હાશ, કરુણા હજી અસ્તિત્વમાં છે !

**ગોધૂલિઃ**

લોકસેવા એ જ પ્રભુસેવા.

**(આપ જો તેમનો સંપર્ક કરવા માગો તો ૮૧૪૧૧૫૧૧૫૨ , ૯૪૨૬૪૯૯૯૯૧ આ નંબર પર સંપર્ક કરી શકો છો. જો આપના ધ્યાનમાં કોઈ અનાથ બાળા હોય તો ચોક્કસ આ સંસ્થાનો સંપર્ક કરી શકાય.)**